# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડપિનકોડ નં. ૩૯૬ ૦૬૭,

સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


GACK/2022/ DATE: / /2022

## સપ્તધારાની વિવિધ ધારાઓ
## અંતર્ગત થયેલ પ્રવૃત્તિનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે વર્ષ 2021-22 અંતર્ગત 'સપ્તધારાની' સાત ધારાઓમાં વિવિધ પ્રવૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ક્રમશ: ચિતાર આ મુજબ છે.

1) તા. 06/09/2021 ના રોજ સપ્તધારાની 'જ્ઞાનધારા' અંતર્ગત 'શિક્ષક દિનની' ઉજવણી કરવામાં આવી. જેમાં ડ્રીમ ટીચર્સ રાઈટીંગ, વ્યાખ્યાન, સ્વરરચિત કવિતા વાંચન ગાયન અને ફન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ડ્રીમટીચર્સ રાઈટીંગમાં કોલેજ પરિવારના કુલ 18 વિદ્યાર્થીઓ, વ્યાખ્યાન અંતર્ગત કુલ 9 વિદ્યાર્થીઓ અને સ્વરરચિત કાવ્ય લેખન સ્પર્ધામાં કુલ 02 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ દિવસે આયોજાયેલ વિવિધ ફન ગેમ્સમાં કુલ 49 વિદ્યાર્થીઓએ ભાગ લઈ 'શિક્ષક દિનની' ઉજવણી કરી.
2) તા. 29/09/2021 ના રોજ 'યોગ-વ્યાયામ અને ખેલકૂદ' ધારા અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ' અને 'ફીટ ઇન્ડિયા મુવમેન્ટ' ની ઉજવણીના ભાગ રૂપે 'યોગ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન 'સરકારી વિનયન કોલેજ કપરાડા' પરિવારનાં કુલ 102 સભ્યોએ પોતાની હાજરી નોંધાવી. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન પી. ટી. આઈ શ્રી. સંદિપકુમાર ટંડેલે કર્યું.
3) તા.07/10/2021 ના રોજ સિવિલ કોર્ટ કપરાડા અને 'સામુદાયિક સેવાધારા' ના સંયુક્ત ઉપક્રમે 'આઝાદીકા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત 'કાનુની શિક્ષણ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિવિલ કોર્ટ કપરાડા ખાતેથી એડવોકેટશ્રી પી. જી. પટેલ સાહેબ અને અલ્પેક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારના કુલ 104 સદસ્યોએ પોતાની સહભાગીદારી નોંધાવી.
4) તા.05/01/2022 ના રોજ સપ્તધારાની 'સેવાસમુદાય' ધારા અંતર્ગત 'રસીકરણ કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. રસીકરણ કેમ્પનો લાભ કોલેજના કુલ 43 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

5) તા.19/01/2022 ના રોજ 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' અંતર્ગત 'વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંકે ધૂમ કુંતાબેન અને દ્વિતીય ક્રમાંકે ઉદાર ભારતીબેન રહ્યા.

6) તા.21/01/2011 ના રોજ 'વ્યાયામ અને ખેલકૂદ ધારા' અંતર્ગત 'વોલીબોલ આંતર ક્લાસ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ, અને તૃતીય વર્ષના વિદ્યાર્થી ભાઈ-બહેનોની કુલ પાંચ ટીમે ભાગ લીધો હતો. સ્પર્ધા અંતર્ગત કોલેજના કુલ 87 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ફાઈનલ વિજેતા પ્રથમ વર્ષ બી. એ. ની ટીમ થઈ હતી. જેમાં કોલેજ પરીવારના 98 સદસ્યોએ પોતાની હાજરી નોંધાવી હતી.

7) તા.24/01/2022 ના રોજ 'ગીત-સંગીત નૃત્યધારા' અંતર્ગત 'દેશભક્તિ ગીત' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 9 વિદ્યાર્થીઓ સ્પર્ધકની ભૂમિકામાં રહ્યા હતા. જેમાં ગૃપ નં-2 વિજેતા ગૃપ કર્યું. જેમા કોલેજ પરિવારના 92 સદસ્યો હાજર રહ્યા.

8) તા.27/01/2022 ના રોજ 'રંગ કૌશલ્ય ધારા' અંતર્ગત 'રંગોળી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુલ 10 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં ગૃપ નં-1 પ્રથમ વિજેતા બન્યું. અને ગૃપ નં-2 દ્વિતીય વિજેતા કર્યા.

9) તા.04/02/2022 ના રોજ 'જ્ઞાનધારા' અંતર્ગત 'ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સામાન્ય જ્ઞાન પર આધારિત 100 માર્કના 50 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેમાં ભરસટ હસુમતીબેન 78 માર્ક સાથે પ્રથમ વિજેતા અને પાલવા પિયુશ 68 માર્ક સાથે દ્વિતીય વિજેતા કોલેજના કુલ 145 વિદ્યાર્થીઓ ક્વિઝનો ભાગ બન્યા હતા.

10) તા.10/03/2022 ના રોજ 'નાટ્યધારા' અંતર્ગત 'નાટ્યસ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કુલ 3 નાટકો રજુ થયા. જેમાં 'હુ પસલો છું' નાટક પ્રથમ વિજેતા અને 'અંધશ્રદ્ધા અંગે જાગૃતિ' નાટક કોલેજના 121 વિદ્યાર્થીઓ સહિત 11 અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા.

11) તા.24/03/2022 ના રોજ 'ગીત સંગીત નૃત્યધારા' અંતર્ગત 'નૃત્યસ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ચાર નૃત્યો પ્રસ્તુત થયા. 4 ગૃપ અંતર્ગત કુલ 36 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમને માણવા કોલેજ પરિવારના કુલ 74 વિદ્યાર્થીઓ સહિત 12 અધ્યાપકો ઉપસ્થિત રહ્યા. જેમાં પ્રથમ વિજેતા 'મરાઠી નૃત્ય' કર્યું.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.